

તાલુકા કક્ષાની આંતરશાળાકીય વૉલીબૉલ સ્પર્ધા શનિવારે યોજવામાં આવી હતી, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ની ટીમ વિજેતા બની હતી અને ટીમે જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી લીધી હતી. શાળા પરિવાર વતી ટીમ અને માર્ગદર્શક શિક્ષક ઉર્વશીબેન જોષીને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# ડીપીઍસમાં ફાયર સેફ્ટી ડ્રીલ



દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે શિક્ષકો માટે ફાયર સેફ્ટી ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓઍનજીસી ફાયર સેફ્ટી સૅક્શનના ઈન-ચાર્જ સૌમિત્ર ભટ્ટાચાર્યએ શાળાના પરિસરમાં આગ લાગ્યા પછીની પરિસ્થિતિઓ પર કાબૂ મેળવવા માટેની તાલીમ પ્રાયોગિક રીતે આપી હતી અને આગને કાબૂમાં લેવા માટેનાં સાધનોની સમજ તથા તાલીમ પણ પૂરી પાડી હતી.

શાળા પરિવારે આ ઉપયોગી તાલીમની મહત્તા સ્વીકારી સૌમિત્ર ભટ્ટાચાર્ય અને તેમની ટીમ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

## ડાયરેક્ટ ❤

દૃઢ નિશ્ચય
એ મહાન શક્તિ છે
જે અશક્ય કામોને પણ
શક્ય બનાવે છે

## જન્મદિને વધામણી



દેવલબેન જોશી
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



જય રાકેશભાઈ રાવળ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં વાર્તાકથન





બાળકો નાની વયથી જ મુક્તપણે મોટા સ્ટેજ પર બોલી શકે તે શુભાશયથી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ આ સ્પર્ધામાં સુંદર વાર્તાઓ આગવી શૈલીમાં પ્રસ્તુત કરી હતી. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારાં બાળકોને શાળા તરફથી બિરદાવી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વારા વૃક્ષારોપણ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા શુક્રવારે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ૭૦ જેટલાં રોપાંનું આરોપણ કર્યા બાદ વિદ્યાર્થીઓએ તેમનું જતન કરવાની જવાબદારી પણ સ્વીકારી હતી. આ ઉમદા ઉપક્રમ બદલ શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શુક્રવારે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે પાંચ ગામોનાં વિધવા બહેનો તથા વૃધ્ધોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદોને છત્રી તથા ચપ્પલની ભેટ પણ ધરવામાં આવી હતી. ભાટાઈ ખાતે પણ ૬ લાભાર્થીઓને આ સેવાનો લાભ આપવામાં આવ્યો હતો.

વિરલ શાહ, સ્મિતાબેનના પિતાજીની જન્મજયંતિ હોવાથી તેમના તરફથી આ સેવા ઉપક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી મિલિન્દભાઈ, ડૉ. અતુલ પંડ્યા અને યોગેશભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# એ અદ્‌ભુત દૃશ્ય

॥ બીજો મણકો ॥



ગાંધીયાત્રા

મારો ઉતારો તેમને ત્યાં ગોઠવ્યો હતો. મને એક દિવસ પછી જ ખબર પડી કે હું તેમને ઘેર ઊતર્યો હતો. બંગલો કસ્તૂરી રંગા આયંગરનો હોવાથી મેં એમ જ માનેલું કે હું તેમનો પરોણો હતો. મહાદેવભાઈ દેસાઈએ મારી ભૂલ સુધારી. રાજગોપાલાચાઅર્ય ખસતા જ રહેતા. પણ મહાદેવે તેમને સારી પેઠે ઓળખી લીધા હતા. 'તમારે રાજગોપાલાચાર્યનો પરિચય કરી લેવો જોઈએ,' મહાદેવે મને ચેતવ્યો.

મેં પરિચય કર્યો. તેમની સાથે રોજ લડત ગોઠવવાની મસલત કરું. સભાઓ ઉપરાંત મને કંઈ જ બીજું નહોતું સૂઝતું. રૉલેટ બિલ જો કાયદો થાય તો તેનો સવિનય ભંગ કેમ થાય ? તેનો સવિનય ભંગ કરવાનો લાગ જ સરકાર આપે ત્યારે મળે. બીજા કાયદાનો સવિનયભંગ થાય ? તેની મર્યાદા ક્યાં અંકાય ? આવી ચર્ચા થાય.


શ્રી કસ્તૂરી રંગા આયંગારે એક નાનકડી આગેવાનોની સભા પણ બોલાવી. તેમાં પણ ખૂબ ચર્ચા થઈ. તેમાં શ્રી વિજરાઘવાચાર્ય પૂરો લાભ લેતા. ઝીણામાં ઝીણી સૂચનાઓ લખી સત્યાગ્રહનું શાસ્ત્ર લખી કાઢવાની તેમણે સૂચના કરી. આ કામ મારા ગજા ઉપરવટનું હતું એમ મેં જણાવ્યું.

આમ ગડમથલ ચાલતી હતી તેવામાં ખબર આવ્યા કે બિલ કાયદા તરીકે ગૅઝેટમાં પ્રગટ થયું. આ ખબર પછીની રાતે વિચાર કરતો હું સૂતો. સવારના વહેલો ઊઠી નીકળ્યો. અર્ધનિદ્રા હશે ને સ્વપ્નામાં વિચાર સૂઝ્યો. સવારના પહોરમાં મેં રાજગોપાલાચાર્યને બોલાવ્યા ને વાત કરી.

'મને રાતની સ્વપ્નાવસ્થામાં વિચાર આવ્યો કે, આ કાયદાના જવાબમાં આપણે આખા દેશને હડતાળ પાડવાનું સૂચવવું. સત્યાગ્રહ આત્મશુદ્ધિની લડત છે. ધર્મકાર્ય શુદ્ધિથી શરૂ કરવું ઠીક લાગે છે. તે દિવસે સહુ ઉપવાસ કરે ને કામધંધો બંધ કરે. મુસલમાન ભાઈઓ રોજા ઉપરાંત વધારે ઉપવાસ નહીં રાખે, એટલે ઉપવાસ ચોવીસ કલાકના રાખવાની ભલામણ કરવી. આમાં બધા પ્રાંતો ભળશે કે નહીં એ તો કહી ન શકાય. મુંબઈ, મદ્રાસ, બિહાર ને સિંધની તો મને આશા છે જ. આટલી જગ્યાઓએ બરોબર હડતાળ પડે તો આપણે સંતોષ માનવો જોઈએ.'

આ સૂચના રાજગોપાલાચાર્યને ખૂબ ગમી. પછી બીજા મિત્રોને તુરત જણાવી. સહુએ વધાવી લીધી. એક નાનકડી નોટિસ મેં ઘડી કાઢી. પ્રથમ ૧૯૧૯ના માર્ચની ૩૦મી તારીખ નાખવામાં આવી હતી, પછી ૬ઠ્ઠી ઍપ્રિલ કરવામાં આવી. લોકોને ખબર ઘણા જ થોડા દિવસની આપવામાં આવી હતી. કાર્ય તુરત કરવાની આવશ્યકતા માનવાથી તૈયારીને સારુ લાંબી મુદત આપવાનો વખત જ નહોતો.

પણ કોણ જાણે કેમ, આખું ગોઠવાઈ ગયું ! આખા હિંદુસ્તાનમાં-શહેરોમાં ને ગામડામાં-હડતાળ પડી. આ દૃશ્ય ભવ્ય હતું.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# 'અંગ્રેજીનો અભાવ પણ નહીં ચાલે અને અંગ્રેજીનો પ્રભાવ પણ નહીં ચાલે'

## માતૃભાષા-ચિંતન

હર્ષદ પ્ર. શાહ

ન ચર્ચાવો જોઈએ એવો આ વિષય : માતૃભાષા અને શિક્ષણ - આપણે ન છૂટકે ચર્ચવો પડે છે. સિંહ એની ભાષામાં જ ગર્જે છે. ગધેડો પોતાની શૈલીમાં જ ભૂંકે છે. પ્રાણીઓ-પક્ષીઓ, જેમની પાસે ભાષા નથી એ પણ કોઈની નકલ કરતાં નથી. અને આપણે નકલ કરવાનું છોડતા નથી. નકલ કરવાની કોઈ તક આપણે છોડતા નથી. આ કેટલું મોટું નુકસાન સર્જે તે આપણે કેટલાક મહાનુભાવોના શબ્દોમાં જાણીશું.

મોરારજી દેસાઈએ કહ્યું છે, 'મોટા ભાગના નિષ્ણાતો કબૂલ કરે છે કે કોઈ પણ બાળકને પૂરેપૂરું કાર્યક્ષમ બનાવવું હોય તો તેનું શિક્ષણ માતૃભાષામાં આપવું જોઈએ. જ્યારે વિદેશી ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે ત્યારે બાળકની ઘણી શક્તિ એ ભાષામાં પ્રભુત્વ પ્રાપ્ત કરવામાં જ ખરચાઈ જાય છે અને વિષયના ઊંડાણમાં ઊતરીને સમજવામાં એથી અવરોધ ઉત્પન્ન થાય છે.

માતૃભાષામાં બધું શિક્ષણ આપવામાં આવશે તો પછી આ દેશની વસતીના પ્રમાણમાં કોઈ પણ દેશ કરતાં ઓછા નિષ્ણાતો અહીં પેદા નહીં થાય. એટલું જ નહીં, પણ એ સંખ્યા કદાચ બહુ મોટી થવાનો સંભવ છે. આવી પરિસ્થિતિ જો આપણે પેદા નહીં કરી શકીએ તો આ દેશની પ્રગતિ જેટલી અને જેવી થવી જોઈએ તેટલી અને તેવી નહીં થાય. એટલા જ માટે દેશમાં શિક્ષણ પહેલેથી છેલ્લે સુધી માતૃભાષામાં જ અપાવું જોઈએ અને એ માટે જરૂરી પગલાં લેવાં જોઈએ એમાં મને શંકા નથી. જો માતૃભાષામાં જ શિક્ષણ મળશે તો માતૃભાષા પૂરેપૂરી મજબૂત થયા વિના રહેશે નહીં.'

કોઈ પણ વિષય માતૃભાષામાં શીખવાથી તે ઓછા સમયમાં શીખી શકાય છે. માતૃભાષામાં સમજણ વિકસે છે, પરભાષામાં ગોખણપટ્ટી વિકસે છે.

વિનોબા ભાવેએ કહ્યું છે, 'શિક્ષણને સાર્વત્રિક બનાવવાનું કામ કેવળ માતૃભાષામાં જ થઈ શકે.'

માતૃભાષામાં સમજણ અને વૈચારિક સ્પષ્ટતા એટલી હદ સુધી વિકસે છે કે તે વૈજ્ઞાનિક સંશોધનો તરફ દોરી જાય છે. માતૃભાષામાં જ ભણીને મહાન વિજ્ઞાની બનેલા મહાનુભાવોને યાદ કરીએ... ડૉ. એપીજે અબ્દુલ કલામ, ડૉ. જયંત નારલીકર, ડૉ. સિદ્ધાર્થ દલાલ, ડૉ. હોમી ભાભા, ડૉ. અનિલ કાકોડકર, ડૉ. બાલ ફોંડકે, ડૉ. વિક્રમ સારાભાઈ, જગદીશચંદ્ર બોઝ વગેરે... શોધજો, આ યાદી હજુ ઘણી મોટી બની શકે.

પ્રશ્ન શું કેવળ પરભાષા દ્વારા જ્ઞાનપ્રાપ્તિનો છે ? પ્રશ્ન તો આત્મગૌરવ અને રાષ્ટ્રીય સ્વાભિમાનનો છે. શું આપણે આપણી જિંદગી અંગ્રેજી ભાષાને અને અંગ્રેજિયતને લખી દેવાની છે ?

ગાંધીજીના શબ્દો છે, 'આપણા ગ્રેજ્યુએટ ઘણે ભાગે નિઃસત્ત્વ, નબળા, નિરુત્સાહી, રોગી અને કેવળ દંભી બને છે. સાહસ, ધૈર્ય, વીરતા, નિર્ભયતા, શોધનશક્તિ વગેરે ગુણો ક્ષીણ થઈ જાય છે. તેથી આપણે નવી યોજનાઓ બનાવી શકતા નથી.'

કમ્પ્યુટર અને ઈન્ટરનેટનો ઉપયોગ કરવા માટે અંગ્રેજી ભાષા આવડવી જ જોઈએ એ પણ એક મોટો ભ્રમ છે. સાચી વાત તો એ છે કે કમ્પ્યૂટરને કોઈ ભાષા જ હોતી નથી. કમ્પ્યૂટર તો ફક્ત ૦ અને ૧માંથી બનાવેલી જુદી જુદી શ્રેણીઓ વડે કોઈ પણ ભ ાષાનો કોઈ પણ અક્ષર બનાવી શકે છે. એટલે કમ્પ્યૂટર બધી જ ભાષાઓ માટે એકસરખું કામ આપે છે. સવાલ સૉફ્ટવેરનો, એના પ્રોગ્રામિંગનો છે. ભારતીય ભાષાઓમાં એવા સૉફ્ટવેરની મદદથી બધું જ કામ થઈ શકે. કી બૉર્ડ પણ બધી ભાષામાં બન્યાં છે.

આપણા દેશમાં જેટલા સૉફ્ટવેર ઍન્જિનીયરો છે તેટલા દુનિયાના કોઈ દેશમાં નથી. આ બધા ઍન્જિનીયરો અમેરિકન કંપનીઓ માટે કામ કરે છે. એમના માટે ભારતીય ભાષાઓમાં પ્રોગ્રામ ઘડી કાઢવા એ અઘરું કામ નથી.

ચંદ્રશેખર વેંકટરામન જેવા વિજ્ઞાનીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે જો 'ભારતમાં વિજ્ઞાનનું ભણતર માતૃભાષામાં આપવામાં આવ્યું હોત તો ભારત આજે દુનિયાની સર્વશ્રેષ્ઠ મહાસત્તા હોત.'

ડૉ. જયંત નારલીકરે તારવ્યું છે કે અંગ્રેજીમાં લખતા બાળકો કરતાં માતૃભાષામાં લખતા બાળકોની અભિવ્યક્તિ વધારે સ્પષ્ટ અને ચોક્કસ હોય છે.

જો એ વાતમાં તથ્ય હોત કે અંગ્રેજી આવડે તો જ વિજ્ઞાન આવડે... તો ફ્રાંસ, જર્મની, જાપાન, રશિયા, ચીન, ઈઝરાયેલ જેવા દેશો વિજ્ઞાનની આટલી ઉચ્ચ સિદ્ધિઓ મેળવી જ ન શક્યા હોત. આ દેશો તો પોતાની ભાષામાં જ ભણાવે છે !

શ્રી હિંમતભાઈ મહેતા એમના પુસ્તક 'શિક્ષણ : માધ્યમ અને પરીક્ષા'ના પૃષ્ઠ ૨૧ પર આવું લખે છે, 'વિજ્ઞાન અને ગણિતના વિકાસ માટે ફક્ત અંગ્રેજી ભાષાનો ઈજારો નથી. એ માટે જરૂર છે બાળકમાં મૌલિકતા કેળવવાની અને તર્કબદ્ધ વિચાર કરતાં શીખવવાની. આ બંને કેળવવા માટે બાળકની જિજ્ઞાસાવૃત્તિ તેમ જ પ્રશ્નો પૂછવાની વૃત્તિને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. પ્રયોગ, નિરીક્ષણ અને પૃથક્કર કરી જાતે તારણ કાઢતાં બાળક શીખે તે જરૂરી છે. આ રીતે તેનું વૈજ્ઞાનિક વ્યક્તિત્વ ખીલવી શકાશે. અંગ્રેજી માધ્યમ તો બાળકની મૌલિકતાનું બાળમરણ નીપજાવે છે.'

માતૃભાષા શિક્ષણ તેમ જ પ્રત્યાયન માટે સર્વોત્કૃષ્ટ માધ્યમ છે. માતૃભાષાના શિક્ષણથી વિદ્યાર્થીમાં જે સમજ અને વૈચારિક સ્પષ્ટતા કેળવાય છે તે અન્ય કોઈ ભાષાથી થઈ શકતું નથી.

માતૃભાષા માધ્યમની વાત જ્યારે પણ નીકળે છે ત્યારે અમુક વર્ગ જાણે કે એમ જ માની બેસે છે કે અંગ્રેજીને શિક્ષણમાંથી સમૂળગું દૂર કરવાની અને અંગ્રેજી ભાષાથી બિલકુલ વંચિત રાખીને વિકાસ અવરોધવાની આ વાત છે. અંગ્રેજી ભાષા શીખવી અને સમગ્ર શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં લેવું એ બે વચ્ચે ઘણો ફરક છે. કોઈ પણ ભાષા શીખવાનો વિરોધ ક્યારેય હોઈ શકે નહીં. ભાષા અને માધ્યમનો આ રીતે ખીચડો ન કરવો જોઈએ.

આપણો વિરોધ અંગ્રેજી ભાષાનો નહીં, અંગ્રેજિયતનો છે. વટ પાડવા માટે અંગ્રેજી બોલવું, પોતાની ભાષાના જ ભાષક સાથે અંગ્રેજીમાં વાત કરવી, વાતે વાતે અંગ્રેજી શબ્દોનો બિનજરૂરી ઉપયોગ કરવો, ભાષાની ભેળપુરી કરવી... આ બધાં 'અંગ્રેજિયત'નાં લક્ષણો છે.

આપણા વડાપ્રધાન મા.શ્રી નરેન્દ્રભાઈ મોદી અવારનવાર કહે છે, 'અંગ્રેજીનો અભાવ પણ નહીં ચાલે અને અંગ્રેજીનો પ્રભાવ પણ નહીં ચાલે.'

આપણે શીખવી જ હોય તો અંગ્રેજી ભાષા શીખવી જોઈએ; અંગ્રેજિયત નહીં, અંગ્રેજી રીતરિવાજ કે સભ્યતા નહીં, અંગ્રેજી લઢણ કે જીવનશૈલી નહીં. કેવળ શુદ્ધ સ્વરૂપે એક ભાષા શીખવામાં કંઈ ખોટું નથી. પણ અંગ્રેજી ભાષાની પાછળ ત્યાંની બધી વિકૃતિઓનું સ્વાગત કરવામાં કયું ડહાપણ છે ?

માતૃભાષાના મજબૂત આધાર પર જ શિક્ષણની ભવ્ય-દિવ્ય ઈમારત ચણી શકાય. માતૃભાષાનું વિશુદ્ધ અને સ્વાભિમાનયુક્ત સાધન અપનાવવાથી જ ખમીરવંતા મનુષ્યોનું નિર્માણ થઈ શકશે.

પ્રતિભાવ આવકાર્ય :
matrubhasha.gaurav@gmail.com